# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## નવી દિલ્હી ખાતે ગરવી ગુજરાત ભવનના ઉદ્ઘાટન પ્રસંગે ચેમ્બરના હોદ્દેદારો અને ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા

સુરતઃ નવી દિલ્હી ખાતે સોમવારે, તા. ૨ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ગરવી ગુજરાત ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ, ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયા, તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ શ્રી હેતલ મહેતા, માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારી, માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇ, ભુતપુર્વ પ્રમુખ શ્રી ભરત ગાંધી અને સીએ પી.એમ. શાહ અને ભુતપુર્વ માનદ્ મંત્રી વિજય મેવાવાલા ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના હોદ્દેદારો ઉપરાંત ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના આગેવાનો જેવા કે સુરત ક્રેડાઇના ચેરમેન શ્રી જસમત વિડીયા, સાઉથ ગુજરાત ટેક્ષ્ટાઇલ પ્રોસેસિંગ એસોસિએશનના પ્રમુખ શ્રી જીતુભાઇ વખારીયા, સૌરાષ્ટ્ર ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી હિંમત ભાતીયા, શ્રી પ્રમોદ ચૌધરી તથા ચેમ્બરની સિનેમેટીક એન્ડ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી શ્રેયાંસ ગોયલ અને સાઉથ ગુજરાત એસોસિએશન લાયઝન કમિટીના ચેરમેન શ્રી અમિત શાહ ઉપસ્થિત રહયા હતા. ગરવી ગુજરાત ભવનના ઉદ્ઘાટન પ્રસંગે સુરતથી મોટી સંખ્યામાં ઉપસ્થિત ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના આગેવાનોની હાજરીની નોંધ લેવામાં આવી હતી.

ચેમ્બરના હોદ્દેદારોએ ગરવી ગુજરાત ભવનના ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિન પટેલ, કેન્દ્રીય રાજય કક્ષાના મંત્રી શ્રી મનસુખ માંડવીયા, ગુજરાતના ભુતપુર્વ રાજયપાલ શ્રી ઓ.પી. કોહલી, સુશ્રી મમતા વર્મા, દેશના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી ગૌતમ અદાણી, રિલાયન્સના શ્રી પરીમલ નથવાણી અને શ્રી પંકજ પટેલ તથા સુરતના કલેકટર રહી ચૂકેલા ડો. રાજેન્દ્ર કુમારની મુલાકાત લીધી હતી.